# વાંકાનેર નજીકથી દારૂ ભરેલું આઈસર ઝડપાયું ૪૯૪૪ બોટલ દારૂ સાથે બે આરોપીઓની ધરપકડ

મોરબી

મોરબી જિલ્લાની વાંકાનેર તાલુકા પોલીસે જડેશ્વર રોડ પરથી દારૂ ભરેલા એક આઈસર ટ્રકને ઝડપી પાડ્યો છે. રાતીદેવળી ગામ નજીક સંગમ વોટરપાર્ક પાસે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે પુઠાના બોક્સની આડમાં બનાવેલા ચોરખાનામાંથી ૪૯૪૪ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો છે.

જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. ૮,૧૦,૪૮૦ આંકવામાં આવી છે. આઈસર ટ્રક (નંબર જીજે ૩ બીવાય ૧૪૫૧), એક મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. ૨૨,૨૮,૦૭૮ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પોલીસે સબ્બીર ઉર્ફે સબ્બો કાસમભાઈ



જામ (ઉં.વ. ૩૯) અને સોયબ ઉમરભાઈ જામ (ઉં.વ. ૪૦), બંને રહે. ધ્રાંગધ્રા, ની ધરપકડ કરી છે.

મોરબી જિલ્લા એલસીબીના પીઆઈ એમ.પી. પંડયાની સૂચના મુજબ, પીએસઆઈ બી.ડી. ભટ્ટ અને તેમની ટીમને ખાનગી બાતમી મળી હતી કે, આઈસર વાંકાનેરથી જડેશ્વર રોડ થઈને ટંકારા તરફ દારૂનો જથ્થો લઈ જઈ રહ્યું છે. પ્રાથમિક પૂછપરછમાં મેહુલભાઈ ગોવીંદભાઈ સાબરીયા (રહે. થાનગઢ) નું નામ સામે આવ્યું છે.

આરોપીઓ દ્વારા આઈસરની બોડીમાં ડ્રાઈવર કેબિન પાછળ એક ચોરખાનું બનાવવામાં આવ્યું હતું. આ ચોરખાનામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો, જ્યારે પાછળના ભાગે પુઠાના બોક્સનો સામાન ભરવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશ રાજ્યની બોર્ડર પર પુઠાના બોક્સની બિલ્ટી બતાવીને દારૂની હેરાફેરી કરવામાં આવતી હતી. આ મામલે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં ત્રીજા આરોપીને પકડવા માટે વધુ તપાસ અને કાર્યવાહી ચાલી રહી છે. આ કામગીરીમાં એલસીબીના પીઆઇ એમ.પી. પંડયા, પીએસઆઈ બી.ડી. ભટ્ટ, જે.પી. કણસાગરા અને સ્ટાફ જોડાયા હતા.

# રાજકોટ મવડી પ્લોટની વૃંદાવન સોસાયટીમાં આવેલા મકાનમાં દારૂ સાથે એક પકડાયો

## રાજસ્થાનથી પાર્સલમાં ૪૮૦ બોટલ વિદેશી દારૂ લાવ્યો હતો

રાજકોટ,

રાજકોટ શહેરના વૃંદાવન સોસાયટીમાં આવેલા મકાનમાં પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૭૬,૮૦૦ની કિંમતની ૪૮૦ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગરને ઝડપી લીધો હતો. રાજસ્થાનથી પાર્સલમાં જાતે જ દારૂ લાવીને રાજકોટમાં વેપાર કરતાં આ બુટલેગરની પીસીબીએ રિમાન્ડ ઉપર પુછપરછ શરૂ કરી છે.



રાજકોટ શહેરના મવડી પ્લોટમાં આવેલા વૃંદાવન સોસાયટી શેરી નં.૬માં પીસીબીએ દરોડો પાડયો હતો. આર્યનગરનો રહેવાસી ધવલ મનસુખ સોજીત્રા નામનો શખ્સ રૂા.૭૬,૮૦૦ની ૪૮૦ બોટલ દારૂ સાથે ઝડપાઈ ગયો હતો. પીસીબીની ટીમે પુછપરછ કરતાં તે રાજસ્થાનથી આ દારૂ પાર્સલમાં લાવ્યો હોવાનું જણાવ્યું હતું. પીસીબીના કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા, કરણભાઈ મારૂ અને યુવરાજસિંહ રાણાની બાતમીના આધારે પીસીબીએ દરોડો પાડયો હતો. પેડક રોડ પર આર્યનગરમાં રહેતા શખ્સે તેના સગાને ત્યાં મવડી પ્લોટમાં આ દારૂનો જથ્થો ઉતાર્યો હતો.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પીસીબીના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હૂંણ સાથે પીએસઆઈ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એ.એસ.આઈ. સંતોષભાઈ મોરી, મયુરભાઈ પલારીયા, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નવીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમારે કરી હતી.

# સાસણના ટૂરિસ્ટ ગાઈડનાં ખાતામાં ૩૨ લોકોના ૨.૧૯ કરોડ જમા થયા

## આલીધ્રાના યુવાનના જૂનાગઢની ખાનગી બેંકનાં ખાતામાં પણ ૪ વ્યક્તિ સાથે થયેલા સાયબર ફ્રોડના ૧૮ લાખ આવ્યા

જૂનાગઢ, :

જૂનાગઢ જિલ્લામાં મ્યુલ એકાઉન્ટ મામલે વધુ બે ફરિયાદ થઈ છે. સાસણના ટૂરિસ્ટ ગાઈડના મેંદરડાની બેંકમાં આવેલા ખાતામાં ૩૨ વ્યક્તિઓ સાથે થયેલા સાયબર ફ્રોડના ૨.૧૯ કરોડ જમા થયા હતા, જ્યારે આલીધ્રાના યુવાનના જૂનાગઢની ખાનગી બેંકના ખાતામાં ચાર વ્યક્તિ સાથે થયેલા ફ્રોડના ૧૮ લાખ જમા થયા હતા. પોલીસે આ બંને સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

દેશભરમાં સાયબર ફ્રોડ મારફત આવતી રકમ ભાડાના એકાઉન્ટમાં જમા કરવા મામલે પોલીસ દ્વારા ગુના દાખલ કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લામાં અત્યાર સુધીમાં ૨૦થી વધુ ગુના દાખલ થયા છે. મેંદરડા તાલુકાના સાસણમાં રહેતા અને ટૂરિસ્ટ ગાઈડ તરીકે કામ કરતા ફિરોજ સુલેમાન રાનીયાના ખાતા અંગેની એનસીસીઆરપી પોર્ટલ પરથી વિગતો આવતા પોલીસે તપાસ કરી હતી. જેમાં ફિરોજ રાનીયા ટૂરિસ્ટ ગાઈડ તરીકે કામ કરતો હોવા છતાં તેણે પરફેક્ટ ઓઈલ એજન્સીના પ્રોપરાઈટર તરીકેની ખોટી ઓળખ આપી મેંદરડાની એસબીઆઈ શાખામાં કરન્ટ એકાઉન્ટ ખોલાવી લીધુ હતું. જેમાં દિલ્હી, આંધ્ર, હરિયાણા, યુપી, પશ્ચિમ બંગાળ, આસામ, બિહાર, મહારાષ્ટ્ર, તમીલનાડુ, મીઝોરમ, કર્ણાટક, તેલંગાણા, ગુજરાતભરમાંથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૩૨ લોકોના ૨,૧૯,૭૫,૪૨૦ રૂપિયા જમા થયા હતા. આ રકમ સગેવગે પણ થઈ ગઈ હતી. મેંદરડા પોલીસે સાસણના ફિરોજ સુલેમાન રાનીયા સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના ખોખળદડમાં ખેડૂતના ઘરમાં થયેલ ચોરીની તપાસ અમદાવાદ સુધી લંબાઈ

## ૨૯ લાખની ચોરીની જાહેરાત બાદ ૨૭ લાખના દાગીના મકાનમાંથી મળ્યા હતા

રાજકોટ,

રાજકોટ ખોખળદડ ગામમાં ખેડુત કાંતિભાઈ શિવાભાઈ દેસાઈ (ઉ.વ.૬૫)ના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો રૂા. ૨૯ લાખની મત્તાની ચોરી કરી ગયાની ફરીયાદ બાદ રૂા.૨૭.૮૦ લાખના દાગીના મકાનમાંથી હેમખેમ મળી આવ્યા હતાં. જો કે તસ્કરો રૂા.૯૦ હજારની રોકડ સાથે બે બાઈકની પણ ચોરી ગયા હતાં. આ ચોરીનું પગેરૂ અમદાવાદ તરફ નીકળ્યું હોય ક્રાઈમ બ્રાંચની એક ટીમ અમદાવાદ પહોચી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાંતિભાઈની મોટી દિકરી અસ્મિતાના લગ્ન થઈ ગયા છે. બે પુત્રો ભરત અને મહેશ તેમની બાજુમાં જ રહે છે. ગઈકાલે રાત્રે ૮.૩૦ વાગ્યે કાંતિભાઈ મકાનને તાળા મારી બાજુમાં રહેતા પુત્ર મહેશને ત્યાં પત્નિ કાંતાબેન સાથે જમવા ગયા હતાં અને તેના ઘરે જ સુઈ ગયા હતાં. વહેલી સવારે પાંચેક વાગ્યે પોતાના ઘરે જઈને જોયુ તો ડેલીનું તાળુ તુટેલું હતું. ડેલી પણ ખુલ્લી મળી આવી હતી. ફળીયામાં રાખેલું બાઈક ગાયબ હતું. મુખ્ય દરવાજાની લોખંડની જાળીનું તાળુ પણ ગાયબ હતું. તેનો નકુચો પણ તુટેલો હતો. અંદર જઈ જોતા બન્ને રૂમમાં સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. એક રૂમમાં કાપડની થેલીમાં રાખેલા રૂા. ૯૦ હજાર ગાયબ હતાં. બીજા રૂમમાં કબાટની તીજોરીમાં રાખેલા સોના ચાંદીના દાગીના પણ ગાયબ હતાં, જેમાં બે બીસ્કીટ, ચાંદીની નાની બે ઈંટનો પણ સમાવેશ થાય છે.

આ રીતે તસ્કરો તેમના મકાનમાંથી કુલ રૂા.૨૯ લાખના મત્તાની ચોરી કરી ગયા હતાં. તત્કાળ જાણ કરતાં આજી ડેમ પોલીસસાથે ક્રાઈમ બ્રાંચ અને એલસીબીની ટીમો પણ સ્થળ પર પહોંચી હતી. સીસીટીવી કેમેરા જોતા તેમાં મોઢે બુકાની બાંધેલા પાંચેક તસ્કરોએ ચોરી કર્યાનું બહાર આવ્યું છે. આ તસ્કરો પગપાળા આવ્યા હતાં અને કાંતિભાઈ ઉપરાંત ગામમાંથી અન્ય એક વ્યક્તિનું મળી કુલ બે બાઈક ચોરી ગયા હતાં. બાઈક ઉપર જ તસ્કરો ભાગી ગયાની શક્યતા પોલીસે દર્શાવી છે. સાંજે તપાસમાં નવો વળાંક આવ્યો હતો. કાંતિભાઈના મકાનમાંથી કહેવાતા ચોરી થયેલા રૂા.૨૭.૮૦ લાખના દાગીના હેમખેમ મળી આવ્યા હતાં.

પોલીસે જણાવ્યું કે, સવારે સામાન વેરવીખેર હોવાથી દાગીના ભરેલી થેલી પરિવારના સભ્યોએ જોઈ ન હતી. એફએસએલની તપાસ બાદ પરિવારજનોએ સામાન સરખો કરવાનું શરૂ કરતા દાગીના ભરેલી થેલી મળી આવી હતી. તસ્કરો મકાનમાંથી રૂા. ૯૦ હજારની રોકડ ઉપરાંત એક બાઈક ઉઠવી ગયા હતા. આ મામલે આજીડેમ, ક્રાઈમ બ્રાંચ અને એલસીબીની ટીમે વધુ તપાસ કરતા ચોરીનું પગેરૂ અમદાવાદ સુધી મળતા એક ટીમ રવાના થઈ છે.

# જસદણના આટકોટ પાસેથી કતલખાને લઈ જવાતા ઘેટાં-બકરા સાથે ટ્રક ઝડપાયો

## જીવદયા ફાઉન્ડેશનની ટીમ અને આટકોટ પોલીસની સતર્કતાથી ૨૧૧ જીવ બચી ગયા

જસદણ,

જસદણ તાલુકાના આટકોટ પાસેથી કતલખાને લઈ જવાતું ઘેટાં-બકરા ભરેલ કન્ટેનર જીવદયા ફાઉન્ડેશન અને પોલીસની ટીમે પકડી પાડી ૨૦૦થી વધુ જીવને કતલ થતાં બચાવી રાજકોટ પાંજરાપોળમાં રખાયા હતાં. પશુઓને નવાગઢથી મુંબઈ કતલખાને લઈ જતા ત્રણ શખસની પોલીસે ધરપકડ, રૂ.૩૦.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ બનાવ અંગે જસદણ તાલુકાના બળધોઈ સીમ શાળા પાસે રહેતાં રોનકભાઈ નાથાભાઈ વાઢેર (ઉં.વ.૨૩) એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, તેઓ બળધોઈ ગામના પાટિયા પાસે હતા ત્યારે માહિતી મળી હતી કે, ગોંડલ તરફથી એક ટ્રક કતલખાના માટેના ઘેટા-બકરા જીવ લઈ નીકળ્યો છે અને તેને કતલખાને લઈ જઇ રહ્યા છે. જેથી ગૌ રક્ષકો કેતન સંઘવી, મયુરાસિંહ જાડેજા, બ્રીજેશ બાલધાને જાણ કરી તમામ ગૌરક્ષકો ગોંડલ ચોકડી પાસે રાતના વોચમાં હતા. ત્યારે એક શંકાસ્પદ ટ્રકને સાઈડમાં ઉભો રાખવાનુ કેહતા ચાલક ટ્રકને આટકોટ ગામ તરફ લઈ ગયો હતો.

જેથી ટ્રકનો પીછો કરી આટકોટ પોલીસ સ્ટેશન સામે રસ્તા ઉપર ઉભી રખાવી પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી ટ્રકના પાછળના ભાગે ચેક કરતા તેમા બે પોટેશન કરી નાના-મોટા ઘેટા-બકરાઓ ઉપર તથા નિચે ખીચોખીચ ભરેલા હતાં. ચાલકને પૂછતા તેઓ ઘેટા-બકરાઓના માલીક હોવાનું તેમજ ઘેટા બકરાઓ મુંબઈ દેવનાર મંડી ખાતે ઘેટા-બકાની લે-વેચની બજારમાં લઈ જતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રકના ચાલક સાબીર હુશૈન કારવા, ઈલીયાસ ઓસમાણ કારવા, ફારૂક કાસમ લાખાણીને ઝડપી ઘેટા-બકરાને બચાવી કુલ રૂ.૩૦૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ડી. એચ. કોલેજના મેદાનમાં તા.૧૦ના રોજ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

## વાઈબ્રન્ટ સમીટના ઉદઘાટન પૂર્વે આ પતંગ મહોત્સવ : દેશ-વિદેશમાંથી પતંગબાજો ઉમટશે

રાજકોટ, રાજકોટ મહાપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૦ના શનિવારે ધર્મેન્દ્રસિંહજી કોલેજના મેદાનમાં પતંગ મહોત્સવ યોજવા તૈયારી શરૂ કરાઈ છે. વાઈબ્રન્ટ સમીટના ઉદઘાટન પૂર્વે આ પતંગ મહોત્સવ યોજાશે. જેમાં ઘણા મહેમાનો પણ પહોંચે તેવી ધારણા છે.

અગાઉ આ વર્ષે પ્રવાસન નિગમ રાજકોટમાં પતંગ મહોત્સવ યોજે તેવી વાત આવી હતી. પરંતુ કોર્પો.એ જ આ કાર્યક્રમ યોજવાનું નકકી થયું છે. રેસકોર્સ મેદાન આ દિવસોમાં ખાલી નથી. આથી મોટા ભાગે ગત વર્ષની જેમ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડમાં જ પતંગોત્સવ યોજવામાં આવશે.



આ માટે ચાર મેદાનના વિકલ્પ વિચારાયા હતા. પરંતુ શાસ્ત્રી મેદાન અને ચૌધરી હાઈસ્કુલ મેદાન કરતા ડીએચ કોલેજનું મેદાન વધુ અનુકુળ રહેવાનો મત આવ્યો છે. મનપા દ્વારા એક તરફ વડાપ્રધાનના રોડ શો માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે બીજી બાજુ પતંગ મહોત્સવ યોજશે. રેસકોર્સમાં વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને જગ્યા ખાલી રાખવાની થશે. આ સંજોગોમાં શહેરની મધ્યમાં ડી.એચ.કોલેજનું મેદાન જ અનુકુળ રહેવાનો મત પદાધિકારીઓએ વ્યકત કર્યો હતો. આ પતંગ મહોત્સવમાં દેશ-વિદેશનાં પતંગબાજો ભાગ લેવાના હોવાથી અત્યાર સુધીમાં અનેકવિધ રાજયો અને દેશોનાં પતંગબાજો દ્વારા પ્રવાસન નિગમમાં નોંધણી કરાવાઈ છે. ત્રણ દિવસમાં રાજકોટ સહિતના નવેક શહેરમાં આ પતંગ મહોત્સવ યોજાવાનો છે. અત્યાર સુધીમાં પચ્ચાસ જેટલા દેશ દોઢસો જેટલા પતંગબાજોએ રજીસ્ટ્રેશન કરાવ્યા છે.

# રાજકોટના કટારીયા ચોકડી પાસે ડમ્પરમાં આગ લાગી : નુકશાન



રાજકોટ,રાજકોટ કટારીયા ચોકડી પાસે રંગોળી પાર્ક આવાસ, કોર્ટની બાજુમાં એક ડમ્પરમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી હતી. ઘટનાની જાણ થતાની સાથે જ કાલાવડ ફાયર વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ૨૦ મિનિટ પાણીનો મારો ચલાવી સંપૂર્ણ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થયેલ નથી તેમજ આગ લાગવાનું કારણ જાણવા મળે નથી.

કાલાવડ ફાયર વિભાગના તેજસભાઈ, વનરાજસિંહ પરમાર, અશ્વિનપરી ગોસ્વામી, મૌલિકભાઈ ચણિયારા, નવઘણભાઈ લખાતરા, અરવિંદ ચૌધરી, જીગરદાન ગઢવી અને શેખરદાન ગઢવીએ આગ ઓલવવાની કામગીરી કરેલ.

# પોરબંદરમાં પારકે પૈસે સદાવ્રત કરનારને કોર્ટે ફટકારી ૧ વર્ષની સજા

## રામદેવપીરના મંડપની પ્રસાદી માટે લીધેલા અનાજ કરિયાણાના રૂપિયા પેટે અપાયેલો ચેક પરત ફરતા કોર્ટે આપ્યો નોંધપાત્ર ચુકાદો

પોરબંદર, પોરબંદરના માધવપુર પંથકમાં રહેતા અને સારી એવી નામના ધરાવતા લલિત બાપુએ નરવાઇ માતાજીના મંદિર પાસે મંડપનું આયોજન કર્યું હતું અને તે માટે લીધેલો અનાજ કરિયાણાનો માલ પેટે ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા કોર્ટમાં કાનૂની લડત બાદ પાર કે પૈસે સદાવત કરનાર બાપુને કોર્ટ એક વર્ષની સજા ફટકારી છે તથા રૂ.૫ લાખ ચૂકવવાનો હુકમ કર્યો છે.પોરબંદર જીલ્લાના માધવપુર ગામે પ્રોવિઝન સ્ટોર ધરાવતા દિનેશચંદ્ર નારણદાસ કકકડ દ્વારા પોરબંદરની કોર્ટમાં મનોજકુમાર જીવનદાસ મેસવાણીયા (લલીતબાપુ) સામે તેઓએ આપેલો ચેક પાછો ફરતા એડવોકેટ ભરત લાખાણી મારફતે પોરબંદરની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ મુજબ લલીતબાપુ અનેક જગ્યાએ 'રામદેવપીરના મંડપ' કરતા હોય અને તે વખતે ભોજન પ્રસાદી રાખતા હોવાથી તે માટેનો તમામ માલ ફરીયાદી દિનેશભાઈ કકક્કડની દુકાનેથી લેતા હતાં. મંડપ પુરો થયા પછી રકમ ચુકવી જતા હતાં.

તેજ રીતે તા. ૨૦/૦૪/૨૦૨૫નાં નરવાઈ માતાજીના મંદિરની સામે મંડપનું આયોજન કરેલુ હોય અને તે માટે લલીતબાપુ તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૨૮/૦૪/૨૦૨૫ સુધીમાં કુલ રૂા.૨, ૭૧,૮૩૮ નો માલ લઈ ગયા હતાં અને રકમમાં કાપકુપ કરી રૂા.૨,૬૬,૦૦૦નો ચેક આપી ગયા હતાં. તે ચેક પાછો ફર્યાની ફરીયાદ પોરબંદરના એડિશ્નલ ચીફ જયુડી. મેજી. પટેલની કોર્ટમાં ચાલી જતા અને ફરીયાદીની જુબાની તથા રેકર્ડ ઉપરનાં પુરાવાઓ ધ્યાને લઈને તથા એડવોકેટની દલીલ ધ્યાને રાખીને આરોપી લલીતબાપુને વળતર પેટે રૂા. ૫,૦૦,૦૦૦ ચુકવવાનો તથા ૧ વર્ષની સજાનો હુકમ કર્યો છે.

# ખેત મજૂરનો દીકરો બન્યો સિંહણનો કોળિયો

## શરીર પર નખ-દાંતના ઊંડા ઘા, વાડીમાંથી ગુમ થયા બાદ ઝાડીમાંથી મળ્યો મૃતદેહ; જૂનાગઢમાં ૪ વર્ષના બાળકને ફાડી ખાધો

જૂનાગઢ:જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં ગીરની સરહદે આવેલા વાડી વિસ્તારમાં આજે વહેલી સવારે એક હૃદયવિદારક ઘટના બની છે. ચાર વર્ષના માસૂમ બાળકને સિંહણે હુમલો કરીને મારી નાખ્યો છે. ખેત મજૂરી કરતા પરિવારનો આ નાનકડો માસૂમ વહેલી સવારે ગુમ થયો હતો, જેનો લોહીલુહાણ મૃતદેહ વન વિભાગની ટીમે શોધી કાઢ્યો હતો.

બાળકના શરીર પર સિંહણના હુમલાના સ્પષ્ટ નિશાન અને ઊંડા જખમો જોવા મળ્યા હતા. ઘટનાસ્થળે વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને હુમલાખોર સિંહણને પકડવા માટે સાસણથી ખાસ રેસ્ક્યુ ટીમ બોલાવી છે. આ ઘટનાએ આખા વિસાવદર પંથકમાં ભય અને અરેરાટીનો માહોલ ફેલાવી દીધો છે, ખાસ કરીને રાત્રે વાડીએ જતા ખેડૂતો અને મજૂર પરિવારોમાં ભયની લાગણી વ્યાપી ગઈ છે.

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં આજે વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે. ગીરની સરહદે આવેલા આ વિસ્તારમાં વનરાજાની દહેશત વચ્ચે એક સિંહણે ચાર વર્ષના માસૂમ બાળકને પોતાનો શિકાર બનાવ્યો છે. વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા પરિવારનો પુત્ર વહેલી સવારે ગુમ થયો હતો, જેનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# જૂનાગઢનાં બે કેસમાં સજા પામેલ ફરાર આરોપી પકડાયો



જુનાગઢ,

આઠમા જ્યુયડી.મેજી.ની કોર્ટના ફો.કે.નં.-૩૧૦૩/૨૦૨૪ તથા ફો.કે.નં.૩૪૦૯/૨૦૨૪ ના કામે બે વર્ષની સજા થયેલ નાસતો ફરતો દોલતપરાનો આરોપી વીવેકભાઇ પ્રતાપભાઇ મહેતા પોલીસ પકડથી દુર રહેવા જુનાગઢ બહાર જતો રહેલ હોય જે આરોપી હાલ જુનાગઢમા શહેરમા આવેલ છે જે બાતમી આધારે સર્વેલન્સ સ્ટાફની જુદી જુદી ટીમ બનાવી મજકુર આરોપી મળી આવવાની શકયતા વાળા વિસ્તારમા સતત પેટ્રોલીંગ અને વોચ કરી પકડી બન્ને સજા વોરંટની અમલવારી કરવામાં આવેલ છે.

આ કામગીરી પો.સબ. ઈન્સ.વાય.એન.સોલંકી તથા એ.એસ.આઇ ભદ્રેશભાઇ રવૈયા તથા એ.એસ.આઇ. પંકજભાઇ સાગઠીયા તથા પો.હેડ.કોન્સ. નીલેશભાઇ ચૌહાણ તથા પો.કોન્સ. દિનેશભાઇ જિલડીયા તથા નરેન્દ્રભાઇ બાલસ પો.કોન્સ.જયેશભાઇ કરમટા તથા પો.કોન્સ. સુભાષભાઇ કોઠીવાળ તથા પો.કોન્સ . જીગ્નેશભાઇ શુકલ તથા અનકભાઇ બોઘરા તથા કલ્પેશભાઇ ચાવડા પો.સ્ટાફે કરી હતી

પશ્ચિમ રેલવે
રાજકોટ મંડળ

૨૫ કેવી એસીની ડિઝાઈન, પુરવઠો, બાંધકામ, પરીક્ષણ અને કમિશન ઉર્જા ફીડર ખાડીની જોગવાઈ

ટેન્ડર સૂચના નંબર EL-C-RJT-૨૦૨૫-૨૦૨૬-TRD-૦૧ તારીખ ૦૨.૦૧.૨૦૨૬ (૧) કામનું નામ: ૨૫ કેવી એસી ની ડિઝાઈન, પુરવઠો, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ ' પશ્ચિમ રેલ્વેના ભાવનગર વિભાગના અમરેલી-ખીજડિયા ગેજ કન્વર્ઝન કાર્યના સંદર્ભમાં ઉર્જા ફીડર ખાડી ની જોગવાઈ (ii) આશરે. કિંમત: ૭૦,૩૯,૭૯૧.૯૯/- (iii) EMD કિંમત: ૧,૪૦,૮૦૦/- (iv) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: ૨૭.૦૧.૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી (v) વેબસાઈટ વિગતો: "www.ireps.gov.in" RJT 177

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)